વંચાણે લીધા:

(૧) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/૪૬૬/૨૦૧૬ તા.૩૦/૦૧/૨૦૧૬
(૨) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/૪૬૭/૨૦૧૬ તા.૦૬/૦૨/૨૦૧૬
(૩) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/૪૬૮/૨૦૧૬ તા.૧૪/૦૨/૨૦૧૬
(૪) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/૪૭૦/૨૦૧૬ તા.૨૯/૦૨/૨૦૧૬
(૫) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/૪૮૨/૨૦૧૬ તા.૦૩/૦૬/૨૦૧૬
(૬) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/૫૧૧/૨૦૧૬ તા.૨૬/૧૨/૨૦૧૬

# જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/ ૩૯ /૨૦૧૭

તા.૨૩ /૧૨/૨૦૧૭

અમદાવાદ શહેરમાં એસ.જી.હાઇવે પરના પકવાન ચાર રસ્તા ઉપર ટ્રાફીકનું ભારણ દીન પ્રતિદીન વધતું જાય છે અને જેના કારણે પ્રદુષણની સમસ્યા વકરવા પામેલ છે. પકવાન ચાર રસ્તા ખાતેની ટ્રાફીક સમસ્યા નિવારવા માટે ટ્રાફીકને ડાયવર્ઝન આપવાથી ટ્રાફીક સરળતાથી અને રોકાયા વગર પસાર થઇ શકે તેમ હોઇ તેમજ ટ્રાફીક નિયમનમાં સરળતા રહે અને જાહેર જનતાના વાહન વ્યવહારના નિયમનમાં સરળતાં રહે તેમ છે. વાસ્તે હું એ.કે.સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તા રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં એસ.જી.હાઇવે પરના પકવાન ચાર રસ્તા ઉપર કાયમી ધોરણે સવાર કલાક ૦૯:૦૦ થી ૧૧:૦૦ અને સાંજ કલાક ૧૭:૦૦ થી ૨૧:૦૦ સુધી કોઇ પણ વાહન ચાલક જમણીબાજુ વળી શકશે નહી, એટલે કે રાઇટ ટર્ન ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ મુકવામાં આવે છે.

**અપવાદ** : આ જાહેરનામામાંથી એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ,પોલીસના વાહનો તેમજ વી.વી.આઇ.પી. મુવમેન્ટ વખતે જરુર જણાયે ત્યારે મુક્તિ આપી શકાશે.

આ જાહેરનામાનો અમલ તા.૦૧ /૦૧/૨૦૧૮ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાનાં આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ

અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૩/૧૨/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૩/૧૨/૨૦૧૭
અમદાવાદ શહેર

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.